## જન્મદિને વધામણી



રામશંકર મગનલાલ મહેતા

## હર્ષ રાઠોડને જયદીપસિંહજી ઍવોર્ડ



ગાંધીનગર, તા. ૧૬

માઉન્ટ કાર્મેલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી હર્ષ ઍસ રાઠોડની છેલ્લાં ૩ વર્ષની જમ્પરોપની સિદ્ધિઓને ધ્યાને લઈ તેને રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા વિશિષ્ટ ખેલાડી તરીકે જાહેર કરી જયદીપસિંહજી ઍવોર્ડ (જુનિયર) એનાયત કરવામાં આવ્યો છે. આ વિશિષ્ટ સિદ્ધિ બદલ શાળા તેમજ સમગ્ર પરિવાર તરફથી હર્ષને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

## સ્વામી વિવેકાનંદ સ્કૂલ ખાતે ઉલ્લાસભેર સ્વતંત્રતા દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૬

સૅક્ટર-૨૪ ખાતે કાર્યરત સ્વામી વિવેકાનંદ સ્કૂલ ખાતે સમગ્ર સૅક્ટરના વસાહતીઓ દ્વારા એક ભવ્ય કાર્યક્રમ ૬૯મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે આયોજિત કરવામાં આવ્યો હતો.

નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુથ કો-ઓર્ડિનેટર રજનીકાન્તભાઈ સુથાર, જાણીતા સામાજીક અગ્રણી સુનીલભાઈ ત્રિવેદી, મીડિયા ફૅડરેશનના મહામંત્રી પાર્થ ઠક્કર, યુવા દિશા કેન્દ્ર, ગાંધીનગરના અધ્યક્ષ સંજીવ મહેતા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જેમના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૅક્ટર-૨૪ ખાતે પ્રથમવાર યોજાયેલી વિદ્યાર્થીઓની 'કૉમ્યુનલ હાર્મની પરેડ'થી ભારે આકર્ષણ પેદા થયું હતું. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની સતત મહેનતનો ચિતાર જાગૃતિ મહેતાએ આપ્યો હતો તથા પોતાના પ્રવચનમાં રજનીકાન્તભાઈ સુથારે શાળાની પ્રવૃત્તિઓને બિરદાવી સ્કૂલને 'નાની અને સર્વશ્રેષ્ઠ શાળા' તરીકે નવાજી હતી. સુનીલભાઈએ 'દેશભક્તિ કરવી હોય તો નિષ્ઠાપૂર્વક ભણવું જરૂરી છે' એ બાબત પર ભાર મૂક્યો હતો.

પાર્થ ઠક્કરે ભગતસિંહ, સુખદેવ, રાજગુરુને યાદ કરી કોમી એકતા, ભાષાકીય એકતા તથા ધર્મોની એકતાનું મહત્ત્વ સમજાવ્યું હતું. 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' આંદોલનના પ્રેરક સંજીવ મહેતાએ 'ઉર્જા બચાવો, વૃક્ષ વાવો, સ્વચ્છતા કેળવો' જેવી શીખ વિદ્યાર્થીઓને આપી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધતાસભર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાગૃતિ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું તથા વિદ્યાર્થીઓને નહેરુ યુવા કેન્દ્ર તરફથી ઈનામો આપવામાં આવ્યાં હતાં.

## આર જી કન્યા વિદ્યાલય દ્વારા આઝાદી પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી કન્યા માધ્યમિક શાળા તથા શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે આઝાદી પર્વની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ધ્વજારોહક તરીકે બાલમંદિર વિભાગના કો-ઓર્ડિનેટર કિરણબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થિનીઓએ અભિનય સાતે રાષ્ટ્ર ગીત રજૂ કર્યું હતું. અતિથિ વિજ્ઞાબેન ઓઝા તથા કૌશલ્યાબેન પરીખે વિદ્યાર્થીઓને રાષ્ટ્ર પ્રત્યે પોતાની ફરજ બજાવવા અનુરોધ કર્યો હતો. શાળાનાં આચાર્ય નીરૂબેન પટેલે આભારદર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના મદદનીશ શિક્ષક દક્ષાબેન અને ચંદ્રકાન્તભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા નૅશનલ રૂરલ આઈટી ક્વિઝ સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા. ૧૬

ટાટા કન્સલ્ટન્સી સર્વિસ દ્વારા સમગ્ર ભારતમાં દર વર્ષે નૅશનલ રૂરલ આઈટી ક્વિઝ યોજાય છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ આઈટી અને કૉમ્પ્યુટર ક્ષેત્રથી અવગત થાય તેમજ ટૅકનોલૉજીનો ઉપયોગ કરતા શીખે તથા આ ક્ષેત્ર પ્રત્યે તેમનામાં વધુ ને વધુ જાગરૂકતા આવે તે આ કાર્યક્રમનો હેતુ છે. ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી દ્વારાના ઉપક્રમે આ સ્પર્ધાનું આયોજન ગાંધીનગર જિલ્લામાં નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટરના માધ્યમથી કરવામાં આવે છે. આ વર્ષે રૂરલ આઈટી ક્વિઝ સ્પર્ધા ગત તા. ૧૪ ઑગષ્ટના રોજ સવારે ૯ કલાકે નિસર્ગ સાયન્સ સૅન્ટર, સૅક્ટર-૨૩ ખાતે યોજવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સૅન્ટરના મૅનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનીલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ડિઝીટલ ઈન્ડિયા મિશન વિશે માહિતી આપી હતી તથા વિદ્યાર્થીઓ વધુમાં વધુ ટૅકનોલૉજીનો ઉપયોગ કરે તેવી ભલામણ કરી હતી.

સ્પર્ધામાં જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારોની ૨૭ માધ્યમિક શાળાઓના ૧૬૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમની સાથે તેમના ૩૦ શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ક્વિઝ સ્પર્ધા માટે પ્રથમ એલીમીનેશન રાઉન્ડ યોજવામાં આવ્યો હતો, જેમાં વિજેતા નીવડેલી દસ ટીમોને રાજ્યકક્ષાની રૂરલ આઈટી ક્વિઝ સ્પર્ધા માટે પસંદ કરવામાં આવી હતી. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવામા, શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

### રાજ્યકક્ષાની રૂરલ આઈટી ક્વિઝ સ્પર્ધામાં પસંદ થયેલા સ્પર્ધકો

| | |
|---|---|
| સ્વામીનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગર | ચારેલ ઝીલ એન, ચૌધરી માનક એમ |
| શેઠ સી યુ વિદ્યાલય, લોદરા | પંડ્યા વિરાટ એન., પટેલ યશ બી |
| તપોવન સંસ્કારપીઠ વિદ્યાલય, અમીયાપુર | પ્રીત એચ શાહ, સની બી રાજપૂત |
| શેઠ સી યુ વિદ્યાલય, લોદરા | પટેલ પ્રિન્સ પી, પટેલ કેવિન જે |
| તપોવન સંસ્કારપીઠ વિદ્યાલય, અમીયાપુર | શાહ નિખીલ જે, ગઢેચા આકાશ બી |
| જ્યોતિ વિદ્યાલય, રિદ્રોલ | દરજી નિશ્ચલ એન, દરજી નિખીલ બી |
| મધુરી મનસુખલાલ વસા હાઈસ્કૂલ, કોબા | પટેલ ચેલ્સી કે, પટેલ સૃષ્ટિ બી |
| શ્રી સ્વસ્તિક હાઈસ્કૂલ, હાલીસા | દત્ત રોનક એ., ચૌહાણ સચિન એ |
| ગ્રામ શાળા, ગ્રામભારતી, અમરાપુર | રાવળ મિતેષ જે., પટેલ અદિત એચ |




શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી અને શ્રી સ્વામીનારાયણ પોલીટૅકનીક, ભાટ ખાતે ૬૯મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ઉલ્લાસપૂર્વક કરવામાં આવી હતી. ઔડાના ચેરમેન ભૂપેન્દ્રભાઈ પટેલ, સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટી હરિપ્રકાશ સ્વામીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી શિવજી પટેલ, અક્ષરપ્રકાશ સ્વામી તથા સંસ્થાના ડિરેક્ટર ધર્મેશ વંડરા, ગુજરાત સરકારના ગ્રામીણ વિકાસ વિભાગના ડિરેક્ટર અરૂણાબેન ચૌધરી, જીટીયુના મુખ્ય વહીવટી અધિકારી આર ઍચ રાજપૂત ઉપસ્થિત રહ્યા હતા. આ ઉજવણીમાં વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ વિષયક સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

## મનોરંજન

**સિનેમૅક્સ**

**સ્ક્રીન-૧**
બ્રધર્સ
સવારે ૮.૦૦, ૧૧.૦૦, ૨.૨૦, ૫.૪૦, ૯.૦૦

**સ્ક્રીન-૨**
બ્રધર્સ
સવારે ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બ્રધર્સ
સવારે ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૫, ૭.૩૦, ૧૦.૪૫

**સ્ક્રીન-૪**
મિશન ઈમ્પોસિબલ (હિન્દી)
સવારે ૧૦.૧૫, ૪.૧૦
બજરંગી ભાઈજાન
૧.૦૦
બાહુબલિ
૬.૫૫
દૃશ્યમ
૧૦.૧૫

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બ્રધર્સ
૩.૦૦, ૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૨**
બ્રધર્સ
૧૨.૪૫, ૪.૦૦, ૧૦.૧૫
દૃશ્યમ
૭.૦૦

**સ્ક્રીન-૩**
મિશન ઈમ્પોસીબલ (હિન્દી)
૫.૧૫
મિનશ ઈમ્પોસીબલ (અંગ્રેજી)
૭.૪૫
બ્રધર્સ
સવારે ૧૧.૦૦, ૨.૦૦

**સ્ક્રીન-૪**
દૃશ્યમ
૧.૦૦
બજરંગી ભાઈજાન
૪.૪૫
ગૌર હરી દાસ્તાન
૭.૩૦
બાહુબલિ
૯.૪૫

**સ્ક્રીન-૫**
બ્રધર્સ
સવારે ૧૦.૦૦
દૃશ્યમ
૪.૦૦, ૧૦.૦૦

## માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં સ્વતંત્રતા દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૧૬

સૅક્ટર-૨૧ ખાતે સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી દબદબાભેર કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાનાં વરિષ્ટ શિક્ષિકા કુસુમબેન જોષી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં, જેમના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. ધોરણ-૧૦ની વિદ્યાર્થીની શૈલી ચૌહાણે સ્વાતંત્ર્યદિનની ગરિમા દર્શાવતું વક્તવ્ય રજૂ કર્યું હતું. અગાઉ સ્કૂલમાં યોજાયેલી દેશભક્તિ ગીત સ્પર્ધામાં પ્રથમ બે ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. મુખ્ય મહેમાન કુસુમબેન દ્વારા વિદ્યાર્થીઓને દેશપ્રેમની ભાવનાને ઉજાગર કરવા બાબતે ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

# નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટર દ્વારા ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતિની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય તથા તેમનામાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તે હેતુથી નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. ૧૨મી ઑગષ્ટ સમગ્ર ભારતમાં મહાન વૈજ્ઞાનિક તેમજ ગુજરાતના સુપુત્ર એવા ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતિ તરીકે ઉજવવામાં આવે છે. નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટર દ્વારા પણ દર વર્ષે આ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. એવું જ આયોજન આ વખતે પણ હાથ ધરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ ડૉ. વિક્રમ સારાભાઈ દ્વારા કરાયેલી શોધો વિશે જાણે તેમજ તેમના જીવનમાંથી પ્રેરણા લઈ ભવિષ્યમાં દેશ માટે નવાં સંશોધનો કરવા પ્રેરાય તે હેતુથી સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૩ ખાતે 'અંતરિક્ષપથના પ્રણેતા ડૉ. વિક્રમ સારાભાઈ' શિર્ષક હેઠળ એક દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવી હતી તેમજ વિદ્યાર્થીઓને તેમણે કરેલી શોધો વિશે માહિતી આપવામાં આવી હતી.

બીજે દિવસે શ્રી જે બી પટેલ પ્રાયમરી સ્કૂલ, સૅક્ટર-૨૩ ખાતે વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેનો વિષય હતો : '૨૧મી સદીમાં અંતરિક્ષ ક્ષેત્રે ભારતનું યોગદાન.' શાળાના ૨૦ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો, પ્રથમ વિજેતા વૈભવ મણિલાલ પરમાર, દ્વિતિય જય એ પટેલ અને તૃતિય વિજેતા તરીકે રવિ દિવેસભાઈ પટેલનાં નામ જાહેર કરવામાં આવ્યાં હતાં, જેમને ઈનામો ઉપરાંત પ્રમાણપત્રો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત, સ્પર્ધામાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યાં હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શાળાનાં આચાર્ય નીલાબેન પટેલે સેવાઓ આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં શિવાંગ પટેલ, અને શાળાના શિક્ષક વિક્રમભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી.

## રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા સ્વતંત્રતા પર્વની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા દેશના ૬૯મા સ્વતંત્રતા દિવસની ઉજવણી ઉલ્લાસપૂર્વક કરવામાં આવી હતી.

આ પ્રસંગે રંગોલી ગૃપ ઑફ ઈન્સ્ટીટ્યુટ્સના નિયામક અનામિકા અંજારિયાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તેમણે આઝાદીની લડાઈમાં જીવ આપનાર તમામ વીર શહીદોને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં. વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી સૌને દેશપ્રેમમાં તરબોળ કર્યા હતા.

ગૃપના ચૅરમૅન પ્રહર અંજારિયા તથા શાળાના ટ્રસ્ટી પ્રણવ સોનીની હાજરી આ પ્રસંગે પ્રોત્સાહક રહી હતી. શાળાનાં આચાર્યા ડૉ. અંજુ વર્માએ આભાર દર્શન કર્યું હતું.

# ચિત્ર માટેની પીંછીઓ : નોળિયાનો સંહાર

## વિશ્વમાં કુલ ૩૧ જાતના, આપણા ભારત દેશમાં પાંચ જાતના અને ગુજરાતમાં ૪ જાતના નોળિયા જોવા મળે છે



આપણી આસપાસના ગ્રામ્ય કે કુદરતી વિસ્તારોમાં આકસ્મિક રીતે જોવા મળી જતાં નાના અમથા ચંચળ પ્રાણી એવા નોળિયા લુપ્ત થવાના ભય હેઠળ છે તેવું જાણીએ તો સહુને દુખ અને ચિંતા જરૂર થાય કારણ કે બધાએ નોળિયા જરૂર જોયા હોય.

વિશ્વમાં કુલ ૩૧ જાતના, આપણા ભારત દેશમાં પાંચ જાતના અને ગુજરાતમાં ૪ જાતના નોળિયા જોવા મળે છે. ગુજરાતમાં કૉમન ઈન્ડિયન, સ્મૉલ ઈન્ડિયન, રૂડી અને પેલ ગ્રે એમ ૪ પ્રકારના નોળિયા (mongoose) જોવા મળે છે. ભારતના અન્ય વિસ્તારોમાં જોવા મળતા સ્ટ્રીપનેક્ડ અને ક્રૅબ ઈટીંગ મંગુસ આપણા ગુજરાતમાં જોવા મળતા નથી.

અગાઉના સમયમાં નોળિયાને વણીયર (સિવેટ)ના કુળ સાથે મૂકવામાં આવતા હતા. પરંતુ તેના અમુક લક્ષણો જુદા જણાઈ આવતાં નોળિયાઓનું એક અલગ વિસ્પી (Herpestidae) કુળ નક્કી કરાયું છે. માંસાહારી પ્રાણીઓમાં આ કુળ સંખ્યાની દૃષ્ટિએ બીજા ક્રમે આવતું કુળ છે. બધા પ્રકારના નોળિયા મુખ્યત્વે નાના, માંસાહારી અને કીટભક્ષી છે. મોટાભાગે દિવસ દરમ્યાન સક્રિય રહે છે. ક્યારેક-ક્યારેક રાત્રે પણ ફરતા જોઈ શકાય છે. સાપ, વિંછી, ઉંદર, ગરોળી, કાનખજૂરા, દેડકાં, કીડકો અને ઈંડાં તેમનો મુખ્ય ખોરાક છે. કેટલીક નોળિયાની જાત વનસ્પતિનાં મૂળ, ગાંઠો, ફળો અને બોર પણ ખાય છે.

નોળિયા માનવજાતના મિત્ર કહી શકાય કારણ કે તે સાપ, ઉંદર, વિંછી, કીટકો જેવા ઉપદ્રવી જીવોની વસતીને કાબૂમાં રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ પ્રકારના જીવોની વસતી નોળિયાની ગેરહાજરીમાં ચિંતાજનક રીતે વધી શકે છે અને માનવને માટે તેવી સમસ્યાનું નિરાકરણ લાવવું સંભવ નથી.

આપણે સ્ટેશનરીની દુકાનેથી ચિત્ર દોરવા માટેની પીંછી ખરીદતા હોઈએ છીએ ત્યારે આપણને સ્વપ્નેય ખ્યાલ હોતો નથી કે સુંદર કલાત્મક ચિત્રો દોરવા માટેની તે પીંછી કે બ્રશન બનાવવા માટે કોઈ નિર્દોષ જીવની હત્યા થઈ હશે. તાજેતરના કોઈ આંકડા ઉપલબ્ધ નથી પરંતુ વર્ષ ૨૦૦૨ના એક અંદાજ મુજબ તે ગાળામાં વર્ષે ૫૦ હજારથી વધુ નોળિયા મારવામાં આવતા હતા.

પીંછી માટેના એક કિલો વાળ મેળવવા માટે ૫૦ જેટલા નોળિયા મારવા પડે. સામાન્ય રીતે એક



વનસૃષ્ટિનો પરિચય

હેમંત સુથાર

નોળિયામાંથી ૪૦ ગ્રામ જેટલા વાળ મળે છે અને તેમાં ૨૦ ગ્રામ જેટલા એટલે કે અડધોઅડધ વાળ નકામા ગણાય છે. આ રીતે હજારો પીંછીઓ માટે મોટી સંખ્યામાં નોળિયાને પકડીને માર મારીને તેમનું નિકંદન કાઢવામાં આવે છે.

ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ, કેરાલા, છત્તીસગઢ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાંથી આ માટે મોટી સંખ્યામાં નોળિયા જંગલ કે ગ્રામ્ય વિસ્તારોમાંથી પકડવામાં આવે છે, જે કલકત્તા, દિલ્હી, મુંબઈ અને અમદાવાદ જેવા મોટા શહેરો મારફત નિકાસ કરવામાં આવે છે. ઈન્ડોનેપાલ અને ઈન્ડોબાંગ્લાદેશ માર્ગે પણ આ ગેરકાયદેસર વેપાર થાય છે. નોળિયાના વાળની અમેરિકા, મધ્યપૂર્વીય અને યુરોપીયન દેશોમાં મોટી માગ છે.

નાના એવા નિર્દોષ અને પર્યાવરણની મહત્ત્વની કડીરૂપ એવા આ પ્રાણીના શિકાર સંબંધિત જાણકારી અને જાગૃતિ ખૂબ જ ઓછા પ્રમાણમાં છે. નોળિયાની વસતી કેટલી છે ? કેટલા નોળિયાના પ્રતિવર્ષ શિકાર થાય છે ? તેના લુપ્ત થવાનો ભય કઈ કક્ષાએ છે ? વગેરે માહિતી આજે ઉપલબ્ધ નથી.

ટ્રાફિક ઈન્ડિયા નામની સંસ્થાએ સોશિયલ મીડિયાના માધ્યમથી નોળિયાના બચાવ માટે અભિયાન છેડ્યું છે. ભારતીય વનજીવ (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ની અનુસૂચિ ભાગ-૨ (૨)માં ભારતના બધા જ પ્રકારના નોળિયાનો શિકાર ગુનો જાહેર કરે છે અને તે હેઠળ ૩થી ૭ વર્ષ સુધીની જેલની સજા તથા પચીસ હજાર રૂપિયા સુધીનો દંડ પણ કરવામાં આવી શકે છે. કન્ઝર્વેશન ઑન ઈન્ટરનેશનલ ટ્રેડ ઈન ઍન્ડેન્જર્ડ સ્પેસીસ ઑફ વાઈલ્ડ ફાઉન અને ફ્લોરા (CITES) નામની આંતરરાષ્ટ્રીય સંસ્થા હેઠળ વિવિધ દેશો વચ્ચે આ વિષયક ગેરકાયદેસર વેપાર પ્રતિબંધના કરારો પણ થયેલા છે.

તાજેતરમાં માર્ચ, ૨૦૧૫માં કોચી વન વિભાગના સ્ટાફ દ્વારા નોળિયાના વાળમાંથી બનાવેલા ૧૪ હજાર જેટલાં બ્રશ (પીંછી) પકડવામાં આવ્યાં હતાં. આ ફક્ત છૂટીછવાઈ ઘટના છે, ખરેખર થતા નોળિયાના ગેરકાયદેસર શિકારનો આ એક અંશ માત્ર છે.

માનવજાત ચિત્ર જેવી સુંદર કલા અને કેટલાક કિસ્સામાં કુદરતના સૌંદર્યની અભિવ્યક્તિ માટે નિર્દોષ પ્રાણીઓના લોહીનો લાલ રંગ પણ આડકતરી રીતે ચિત્રમાં ભરે તે કેટલી કરૂણ વાત છે !

શું આપણે આપણા સિવાય કોઈપણ જીવને આ પૃથ્વી પર જીવવા દેવા માગતા નથી ?

## લીયો ક્લબ દ્વારા સરકારી પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા. ૧૬

લીયો ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા સૅક્ટર-૨૦/૧ની સરકારી પ્રાથમિક શાળા ખાતે ૬૯મા સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. પ્રમુખ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા. ક્લબના સભ્યો દ્વારા વિદ્યાર્થીઓને પૅન્સીલ, ઈરેઝર, શાર્પનર, ફૂટપટ્ટી, પૅન ભેટમાં આપવામાં આવી હતી. સંસ્થા દ્વારા શાળા તથા આચાર્ય કૈલાસબેનનો આભાર માનવામાં આવ્યો હતો.